મહીધરપુરા પો.સ્ટે.મા નોંધાયેલ વિશ્વાસઘાત છેતરપીંડીના ગુનામાં ૦૪ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારના ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા રીઢા ગુનેગારોને સત્વરે પકડી પાડવા ક્રાઈમ બ્રાંચના અલગ અલગ પોલીસ માણસોની ટીમની રચના કરી વોન્ટેડ આરોપીઓને પકડી પાડવાની કામગીરી દરમ્યાન પો.સ.ઈ.શ્રી,પી.કે.પટેલનાઓની ટીમના હે.કો. શબ્બીર અકબર અને હે.કો.ફરીદખાન નસીબખાનનાઓને મળેલ હકીકત આધારે ઉત્તરપ્રદેશ રાજ્યના ગૌન્ડા જીલ્લામાં આવેલ તરબગંજ ખાતેથી આરોપી:-અવનીશકુમાર ઉમાપ્રસાદ શુક્લા ઉ.વ. ૩૫ ધંધો-સ્ટેશનરીની દુકાન હાલ રહે.ગામ.તરબગંજ બજાર બ્લોકની સામે શુક્લા બુક સ્ટોરમાં જી.ગૌન્ડા.(ઉત્તરપ્રદેશ)નાને પકડી પાડેલ છે. સદર આરોપી મહીધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નં.૫૪/૨૦૧૫ ઈ.પી.કો.કલમ-૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ હોય જેથી હકીકત એવી રીતેની છે કે, આ કામના ફરીયાદીશ્રીને આ કામના આરોપી (૧) અવનેશ ઉમાપ્રસાદ શુક્લા અને (૨) રાજકુમાર નકછેદ મિશ્રા બન્ને રહે. સુરત શહેરના વિરુધ્ધમાં આપેલ છે. સદર ફરીયાદમાં આ કામના બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારીથી લાલદરવાજા પટેલવાડી પાસે આવેલ શુભ સ્ક્વેર નામની બીલ્ડીંગમાં પાંચમા માળે દુકાન નં-૧ નું બુકીંગ કરાવી આપવાનુ વિશ્વાસ ભરોસો આપી ફરી.શ્રીના ભાઈ પાસેથી બાના પેટે `. ૫૧,૦૦૦/- તથા ફરી.શ્રી નાઓ પાસે બેંક એકાઉન્ટમાંથી **NEFT** સિસ્ટમથી કામખીયા બીલ્ડર્સના બેંક એકાઉન્ટમાં `.૨,૫૦,૦૦૦/- જમા કરાવી સાહેદ ધીરજસીંગ ઉદયસીંગ રાજપુતનાઓ પાસેથી શુભ સ્ક્વેર નામની બીલ્ડીંગમાં દુકાન પેટે `.૧૯,૪૪,૦૦૦/- મેળવી પરત આપવાનો વિશ્વાસ અને ભરોષો આપી રૂપીયા પરત ન આપી વિશ્વાસઘાત છેતરપીંડી કરી નાસી ગયેલ હતા. અને આજદિન સુધી આરોપી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. સદર આરોપી પોતાના વતનમા તરબગંજ બજારમાં શુક્લા બુક સ્ટોર નામથી સ્ટેશનરીની દુકાન ચલાવતો હોવાની મળેલ હકીકત આધારે આરોપીને તેના વતનથી પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.